# વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નારોલ ટેક્સટાઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ એન્વાયરો મેનેજમેન્ટ (NTIEM) ની મુલાકાત લીધી

**NTIEM ખાતે કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(CETP)ની મુલાકાત લઈને ઉદ્યોગકારો સાથે મંત્રીશ્રીએ સાધ્યો સંવાદ**



**પર્યાવરણની સમતુલા સાથેનો ઔદ્યોગિક વિકાસ જ આપણી નૈતિક જવાબદારી:વન અને પર્યાવરણ મંત્રીશ્રી**

કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ અમદાવાદમાં નારોલ ટેક્સટાઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ એન્વાયરો મેનેજમેન્ટ(NTIEM)ની મુલાકાત લીધી હતી. પર્યાવરણીય સમતુલા જાળવવા અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્યથી મંત્રીશ્રીએ NTIEM પરિસરમાં વૃક્ષારોપણ કરીને 'ગ્રીન ગુજરાત'ના સંકલ્પને વેગ આપ્યો હતો. આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર અને મણિનગરના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ NTIEM પરિસરમાં કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની મુલાકાત કરી તેના કામકાજ, ઔદ્યોગિક વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્રોસેસ અને પ્લાન્ટની કાર્યક્ષમતાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતુ. મંત્રીશ્રીએ કલેક્શન સમ્પ, સ્ક્રીનિંગ યુનિટ, ઓનલાઈન મોનિટરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ કેબિન સહિતના વિભાગોની મુલાકાત લઈને પર્યાવરણ સુરક્ષા સુનિશ્ચિત કરવા ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ માટે મહત્વપૂર્ણ એવા કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની વિઝિટ બાદ NTIEMના કોન્ફરન્સ હોલ ખાતે મંત્રીશ્રીએ NTIEMના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભ્ય ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બદલાતા વૈશ્વિક પરિદ્રશ્ય સાથે દેશના ઉદ્યોગોએ પણ સમયસર બદલાવ લાવવો અનિવાર્ય બન્યો છે. તેમણે ઉમેર્યું હતું કે યુરોપ સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો મહત્તમ લાભ મેળવવા આપણા ઉદ્યોગોએ આંતરાષ્ટ્રીય ધોરણો અપનાવવા પડશે. યુરોપિયન બજારમાં નિકાસ કરવા માટે પર્યાવરણીય પ્રેક્ટિસિસ, લેબર નોર્મ્સ અને સેફ્ટી સ્ટાન્ડર્ડ્સનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે ઉદ્યોગોના વિકાસની સાથે પર્યાવરણની સુસંગતતા અને સમતુલા જાળવવી એ આપણી સામાજિક તથા નૈતિક જવાબદારી છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો કે વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં દેશના ઉદ્યોગોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. તેમણે ક્લાઈમેટ ચેન્જ અને વિજ્ઞાન-પ્રૌદ્યોગિકી ક્ષેત્રે નવીનતમ ટેક્નોલોજી અપનાવીને પ્રદૂષણમુક્ત ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવા સ્થાનિક ઉદ્યોગકારોને પ્રોત્સાહિત કર્યા હતા. નવી ટેકનોલોજી અપનાવતી વખતે શરૂઆતમાં પડકારો આવે તે સ્વાભાવિક હોવાનું કહી મંત્રીશ્રીએ ટકાઉ વિકાસ અને પર્યાવરણની જાળવણી માટે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી સંપૂર્ણપણે કમ્પ્લાયન્ટ બને અને 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ'(ZLD) તથા રિસાયક્લિંગ મોડેલ તરફ આગળ વધે તેવો આશાવાદ વ્યક્ત કરીને ખાસ અનુરોધ કર્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેનશ્રી આર.બી.બારડે ઉદ્યોગો અને રાજ્ય સરકાર વચ્ચે સુલભ સંકલન અંગે લેવામાં આવેલા વિવિધ નિર્ણયો, સુવિધાઓ, નવીન પ્રકલ્પો અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ઉદ્યોગો માટે, તેમની જરૂરિયાતો માટે અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે GPCBના વરિષ્ઠ અધિકારીઓ, NTIEMના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, એડવાઈઝર, સભ્ય ઉદ્યોગકારો અને હોદ્દેદારો, ચિરિપાલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના શ્રી જ્યોતિભાઈ ચિરિપાલ, પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત વલસાડના જનપ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ યોજાઈ

**પ્રજાકલ્યાણ માટે સમર્પિત થવું એ જ સાચા જનપ્રતિનિધિની ઓળખ – વલસાડ જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી નરેશભાઈ પટેલ**



તિથલ સ્વામીનારાયણ મંદિર, મુ.પો.તિથલ ખાતે પંચાયતી રાજની ભૂમિકા, સત્તાઓ, ૧૬મા નાણાપંચ અને પારદર્શિતા અંગે જનપ્રતિનિધિઓને માર્ગદર્શન અપાયું

કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ અને નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ તિથલ સ્વામીનારાયણ મંદિર,ના સભાહોલ ખાતે ઉપસ્થિતિ નોંધાવીને રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જિલ્લા અને તાલુકાકક્ષાના ચુંટાયેલા જનપ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમમાં માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. આ તકે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યુ કે, પંચાયતી રાજ વિકાસ માટેનો મહત્વનો આધાર સ્તંભ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના વિકાસ માટેની જે રાહ ચિંધીને આજે દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. પરંતુ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ગુજરાત રાજ્યના વિકાસની ગતિને જાળવી રાખી છે. તેમણે કહ્યુ કે, રાજકારણમાં પ્રવેશ કર્યા બાદ તટસ્થ રીતે પ્રજાકલ્યાણ માટે સમર્પિત થવુ તે જ સાચા જનપ્રતિનિધિની ઓળખ છે. તંદુરસ્ત રાજકારણ જ તમામ ક્ષેત્રના વિકાસને સુનિશ્ચિત કરવાનુ કામ કરે છે.

નોંધનીય છેકે, આ તાલીમ વર્ગમાં ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી અને અરવિંદભાઈ પટેલએ પણ એક આદર્શ જનપ્રતિનિધિ ભૂમિકા અંગે માર્ગદર્શિત કર્યા હતા. આ તાલીમ શિબિરમાં પંચાયતી રાજનો પરિચય, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, સદસ્યોની ભૂમિકા, સત્તાઓ અને જવાબદારીઓ તેમજ ગ્રામસભાનું મહત્વ, વિવિધ સમીતી અને તેમની કામગીરી, ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ, ગ્રામ પંચાયત વિકાસ યોજના, ૧૬મા નાણાપંચ અંતર્ગત આયોજન અને અમલીકરણ, ઈગ્રામ સ્વરાજ પોર્ટલનું અમલીકરણ, નાણાકીય વ્યવસ્થાપન, પારદર્શિતા અને જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ તકે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હેતલબેન પટેલ, ઈ.ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી આસ્થાબેન સોલંકી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.વી.બાંભરોલીયા, સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધારાસભ્ય શ્રી ડૉ. પાયલબેન કુકરાણીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં આઈટીઆઈ કુબેરનગર ખાતે મેગા રોજગાર ભરતી મેળો સંપન્ન

**રોજગાર કચેરી અમદાવાદ દ્વારા યોજાયેલ મેગા જોબ ફેરમાં ૪૦૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી**



કમલમ્,

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીના તાબા હેઠળની મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, અમદાવાદ તથા આઈટીઆઈ કુબેરનગરના સંયુક્ત ઉપક્રમે તા.૦૭/૦૮/૨૦૨૬ (શુક્રવાર)ના રોજ આઈટીઆઈ કુબેરનગર ખાતે ધારાસભ્ય શ્રી ડૉ. પાયલબેન કુકરાણીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં મેગા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં યુવાનોને પોતાની આવડત અને કૌશલ્યના આધારે રોજગારની ઉપલબ્ધ તકોનો મહત્તમ લાભ લેવા પ્રેરિત કર્યા હતા તથા આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને સોશિયલ મીડિયાના માધ્યમથી વધી રહેલા ઓનલાઈન છેતરપિંડીના બનાવોથી સાવચેત રહેવા અંગે પણ યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. અગાઉના ભરતી મેળામાં પસંદગી પામેલ ઉમેદવારો પૈકી ૧૦ ઉમેદવારોને રોજગાર એનાયત પત્ર આપવામાં આવ્યા હતા. આ ભરતી મેળામાં ૩૫ પ્રતિષ્ઠિત ખાનગી એકમો ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ હોદ્દાઓ માટે સ્થળ પર જ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ યોજી રોજગારની તક ઉપલબ્ધ કરાવી હતી. ધોરણ ૫ પાસ, ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ તેમજ અનુસ્નાતક (Post Graduate) જેવી વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા મોટી સંખ્યામાં ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાંથી ૩૫ ખાનગી એકમો દ્વારા કુલ ૪૦૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમેદવારોને પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના અને L&T દ્વારા સંચાલિત નરેન્દ્ર મોદી ઈન્ડસ્ટ્રીયલ સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ વડનગર ખાતે કાર્યરત તાલીમ કેન્દ્ર વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે મદદનીશ નિયામક (રોજગાર) એ રોજગાર કચેરી દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે કચેરી આવા રોજગાર ભરતી મેળા સમયાંતરે યોજે છે. આવી રોજગારલક્ષી પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈ પોતાની કારકિર્દી ઘડવા માટે યુવાઓને આ તકે અનુરોધ કરવામાં આવ્યો હતો.

**રાજ્ય સરકારની શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક ડિજિટલ પહેલ**

# રાજ્ય સરકારનો મુખ્ય અભિગમ 'Classroom -First' :- શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા

**'સેવા સમાધાન પોર્ટલ' બનશે ગુડ ગવર્નન્સનું માધ્યમઃ જિલ્લા કક્ષાના શિક્ષણ અધિકારીઓની કામગીરીનું હવે સીધું મોનિટરિંગ થશે :- શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજા**

કમલમ્,

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના શિક્ષકોના વહીવટી અને સેવાકીય પ્રશ્નોના ત્વરિત, પારદર્શી અને સમયબદ્ધ ઉકેલ માટે શિક્ષણ વિભાગ દ્વારા 'સેવા સમાધાન પોર્ટલ' https://ssp.ssgujarat.org/ લોન્ચ કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ ડિજિટલ પહેલનો શુભારંભ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રીવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિત રહ્યા હતાં. આ પહેલથી રાજ્યભરના ૩ લાખથી વધુ શિક્ષકોના સેવાકીય પ્રશ્નોનો ઓનલાઈન ઉકેલ આવશે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય અભિગમ 'Classroom-First' નો છે. તમામ વહીવટી કામગીરી પોર્ટલ મારફત ઓનલાઈન થવાથી શિક્ષકો પરનો વહીવટી બોજ ઘટશે અને શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા પર પૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આ ઉપરાંત શિક્ષકોને હવે પોતાના સેવાકીય પ્રશ્નો કે રજૂઆતો માટે તાલુકા કે જિલ્લા કચેરીઓના ચક્કર કાપવામાંથી કાયમી મુક્તિ મળશે. શિક્ષકો પોતાના પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી થતા હકારાત્મક અભિગમ સાથે વર્ગખંડમાં વધુ નિષ્ઠાથી કાર્યરત રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલું 'સેવા સમાધાન પોર્ટલ' એ માત્ર એક ટેકનોલોજીકલ પ્લેટફોર્મ નથી, પરંતુ ગુડ ગવર્નન્સ -સુશાસન અને શિક્ષક-કેન્દ્રિત વહીવટની દિશામાં લેવાયેલું એક ક્રાંતિકારી પગલું છે. શિક્ષકો વહીવટી ગૂંચવણોથી મુક્ત રહીને માત્ર ભણાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવી વ્યવસ્થા આ પોર્ટલ દ્વારા કરવામાં આવી છે. આ પોર્ટલ મારફતે શિક્ષકોના ફિક્સ પગારમાંથી કાયમી કરવા, ઉચ્ચતર પગાર ધોરણ, CPF/GPF, રજા મંજૂરી, પેન્શન અને એરિયર્સ જેવા સેવાકીય પ્રશ્નોનું ઓનલાઈન અને સમયબદ્ધ નિરાકરણ લાવી શકશે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, 'સેવા સમાધાન પોર્ટલ'ના પ્રથમ તબક્કામાં તા.૦૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ પોર્ટલ મારફતે હાલમાં તાલુકા કે જિલ્લા કક્ષાએ લાંબા સમયથી પડતર હોય તેવી જ અરજીઓ રજૂ કરવાની રહેશે. આ પોર્ટલની કામગીરી અંગે દર મહિને શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં જિલ્લાવાર ફરિયાદોના સમયબદ્ધ નિકાલ માટે સમીક્ષા બેઠક યોજાશે. શિક્ષકો માટે Teacher Code અને OTP વડે સુરક્ષિત લોગિન તેમજ માત્ર ૩ મિનિટમાં અરજી નોંધણી, રિયલ-ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગ અને દરેક તબક્કે SMS એલર્ટની સુવિધા આ પોર્ટલમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અધિકારી દ્વારા નિર્ણય લેવાયા બાદ જો શિક્ષકને સંપૂર્ણ સંતોષ ન થાય, તો તેઓ 'Keep Open' વિકલ્પ પસંદ કરીને પુનઃ સમીક્ષા કરાવી શકે છે તેમ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રીવાબા જાડેજાએ વધુમાં ઉમેર્યું હતું. આમ એક રીતે જોવા જઈએ તો, સેવા સમાધાન પોર્ટલ' થકી હવે રાજ્ય સરકારના ધ્યાનમાં સીધું આવશે કે કયા જિલ્લામાં શિક્ષકોના કેટલા પ્રશ્નો કે ફરિયાદો પેન્ડિંગ છે. આ પોર્ટલ મારફતે જિલ્લા શિક્ષણ અધિકારી - DEO, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી-DPEO તેમજ નગરપાલિકા વિસ્તારના શાસનાધિકારીઓની કામગીરીનું રાજ્યકક્ષાએથી સીધું મોનિટરિંગ કરવામાં આવશે. જે જિલ્લામાં સૌથી ઓછી ફરિયાદો અને પડતર પ્રશ્નો હશે, ત્યાંના અધિકારીઓની કામગીરી વધુ ઉત્કૃષ્ટ ગણાશે. આ પોર્ટલ અધિકારીઓની કાર્યક્ષમતા માપવાનું એક સશક્ત માધ્યમ બનશે. ભવિષ્યમાં રાજ્ય સરકાર આ ડેટા અને પરફોર્મન્સના આધારે જ અધિકારીઓનું વાર્ષિક મૂલ્યાંકન અને વહીવટી નિર્ણયો લઈ શકશે.



**પોર્ટલ હેઠળ સમાવિષ્ટ ૮ મુખ્ય સેવાઓ**

૧. ઉચ્ચતર પગાર ધોરણઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કાની મંજૂરી.
૨. પ્રવાસ ભથ્થું (LTC): પ્રવાસ ભથ્થું અને રિઇમ્બર્સમેન્ટ.
૩. એરિયર્સઃ પડતર બાકી રકમનું નિરાકરણ.
૪. પૂરા પગારમાં સમાવેશઃ ફિક્સ પગારમાંથી કાયમી પગાર કરવો.
૫. CPF સંબંધી બાબતોઃ CPF નંબર/GYIS અને રકમ ઉપાડ.
૬. GPF સંબંધી બાબતોઃ GPF નંબર, GYIS, આંશિક/૯૦%/આખરી ઉપાડ.
૭. રજા મંજૂરીઃ વિવિધ પ્રકારની રજાઓની ઓનલાઈન મંજૂરી.
૮. પેન્શન સંબંધી બાબતોઃ નિવૃત્તિ લાભોનું સત્વરે નિરાકરણ.

આ ડેટા-ડ્રિવન વ્યવસ્થાને કારણે ગ્રાઉન્ડ લેવલે DEO અને DPEO કક્ષાએ શિક્ષકોના પ્રશ્નો ઝડપથી ઉકેલવાની કામગીરીને મોટું પ્રોત્સાહન મળશે. આ પ્રસંગે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણે, સમગ્ર શિક્ષાના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી રણજીતકુમાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડના અધ્યક્ષ શ્રી મુકેશ પંડ્યા તેમજ કમિશનરશ્રી, શાળાઓની કચેરીના કમિશનર શ્રી આનંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

# પ્રાકૃતિક કૃષિથી જમીનની ઉત્પાદન ક્ષમતા, પાણી ધારણ કરવાની શક્તિ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો નોંધાયો : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી મારી જમીનનો ઓર્ગેનિક કાર્બન અને ઉત્પાદન બન્ને વધ્યાઃ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી**

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને લોકભવન ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્યમાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ ગતિશીલ બનાવવા માટે વિવિધ વ્યૂહાત્મક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી તથા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે, પ્રાકૃતિક કૃષિ અભિયાનને સાચા અર્થમાં સફળ બનાવવા માટે કૃષિ વિભાગ અને ખેડૂતોએ મિશન મોડમાં કાર્ય કરવુ અનિવાર્ય છે. તેમણે કહ્યુ કે પ્રાકૃતિક કૃષિ જનસ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડાયેલું એક પવિત્ર



પ્રાકૃતિક કૃષિ અભિયાનની રાજ્યવ્યાપી સમીક્ષા અર્થે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને લોકભવન ખાતે યોજાઈ બેઠક

કાર્ય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિ અને પશુપાલન એકબીજાના પૂરક છે. સ્વસ્થ પશુધન પ્રાકૃતિક કૃષિને મજબૂત બનાવે છે અને પ્રાકૃતિક આહારથી પશુઓનું આરોગ્ય તેમજ દૂધની ગુણવત્તામાં વધારો થાય છે. તેમણે પોતાના વ્યક્તિગત અનુભવનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે પ્રાકૃતિક કૃષિ

## રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓ વધુ ઉન્નત બિયારણ તૈયાર કરેઃ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

અપનાવ્યા બાદ તેમના ખેતરની જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૦.૨ ટકાથી વધીને ૧.૭ ટકા સુધી થયું છે. જેના પરિણામે જમીનની ઉત્પાદન ક્ષમતા, પાણી ધારણ કરવાની શક્તિ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. આ ઉપરાંત યુરિયા અને ડી.એ.પી.ના સ્થાને જીવામૃત અને ઘનજીવામૃતના ઉપયોગથી ખેતીમાં નહીવત ખર્ચ થતો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના ગુણવત્તાના માપદંડો નક્કી કરવા ખૂબ જરૂરી છે. ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક ઉત્પાદનોના વેચાણ માટે અમુલ, ઈફ્ફકો તેમજ ગુજકોમાસોલ જેવી સંસ્થાઓની પણ મદદ લઈ શકાય છે. તેમણે પોતાના ખેતરમાં કરેલી પ્રાકૃતિક કૃષિના અનુભવો વર્ણવતા ઉમેર્યું કે જ્યારે પ્રાકૃતિક કૃષિ શરૂ કરી ત્યારે જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૨ થી ૦.૪ ટકા હતો જે આજે ૧ ટકાથી વધુ છે. પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત થયેલ ખારેકમાં વિટામીન B12, D3 સહિતના અનેક પોષક તત્વો મળી આવ્યા છે. તેમણે પ્રાકૃતિક કૃષિ અપનાવ્યા બાદ જમીન અને પાકમાં આવેલા બદલાવની વિગતવાર રજૂઆત કરી હતી. આ ઉપરાંત બનાસ ડેરીના પ્રતિનિધિઓના યુરોપિયન દેશોના અભ્યાસ પ્રવાસ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ તકે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવંતુ બનાવવા માટે પ્રાકૃતિક કૃષિને અનુરૂપ તથા વધુ ઉત્પાદન આપી શકે તેવા દેશી બિયારણો પર સંશોધનોની વધુ જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેમણે રાજ્યની તમામ યુનિવર્સિટીઓને વધુ ઉન્નત બિયારણ તૈયાર કરવા તેમજ વધુ પ્રાકૃતિક મોડલ ફાર્મ તૈયાર કરવા સૂચન કર્યું હતુ. બેઠક દરમિયાન જીવામૃતને વૈજ્ઞાનિક રીતે પ્રમાણભૂત બનાવવા, તેના ઉપયોગ કરવાની અવધિ વધારવા અને દેશી ગાયના ગોબરમાં રહેલા સૂક્ષ્મજીવો પરના સંશોધનો રજૂ થયા હતા. આ ઉપરાંત રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે વિકસાવવામાં આવી રહેલા બજારો અંગે તથા નવા બજારો શરૂ કરવાના આગામી આયોજનો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા, લોકભવનના સચિવ શ્રી મેહુલ દવે, રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ, પશુપાલન વિભાગ તેમજ કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તથા બનાસ ડેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028